# ‘ સંપર્ક ’

## સારસ્વતમ્ સંસ્થાનું મુખપત્ર

सारस्वतम

प्रज्वलतु ज्ञानदीप.

### જાન્યુઆરી ૨૦૨૬ થી માર્ચ ૨૦૨૬

:: તંત્રી અને સંપાદકશ્રી ::


**શ્રી રસેશ વી.રાવલ**

આચાર્યશ્રી,

સારસ્વતમ્ સંચાલિત બાડા હાઈસ્કૂલ

બાડા, તા. માંડવી-કચ્છ.

મોબાઈલ નંબર : ૮૪૬૯૪ ૩૭૯૪૯

**સહ સંપાદક – શ્રીમતી ખ્યાતિબેન એસ.સાધુ**

મોબાઈલ નંબર : ૯૦૯૯૫ ૫૭૪૧૭


:: સંસ્થાનું સરનામું ::


## સારસ્વતમ્

પો.બો.નં.૦૭, જૂની પોસ્ટ ઓફિસ રોડ,

માંડવી-કચ્છ. ૩૭૦ ૪૬૫. ફોન નં. ૨૨૩૦૧૭

E-mail : saraswatam@gmail.com

# તંત્રી લેખ

विद्याददातिविनयंविनयाद्यातिपात्रताम्।
पात्रत्वात्धनमाप्रोतिधनात्धर्मंततःसुखम्॥

**વિદ્યા વિનય આપે છે, વિનયથી પાત્રતા પ્રાપ્ત થાય છે,**
**પાત્રતા થી સમૃદ્ધિ મળે છે, સમૃદ્ધિ થી ધર્મ અને અંતે સુખ પ્રાપ્ત થાય છે.**

સુજ્ઞ વાચક મિત્રો,

આપ સૌ કુશળ હશો.

સૌને નમસ્કાર 'સંપર્ક' નો આ અંક આપની સમક્ષ મુકતા ધન્યતાની લાગણી અનુભવું છું. જ્ઞાન, વિચાર અને સંસ્કાર માનવજીવનના વિકાસનાં મુખ્ય આધારસ્તંભો છે. આ પત્રિકા માત્ર માહિતીનું માધ્યમ નથી, પરંતુ આપણા સૌના વિચારો, અનુભવો, સિદ્ધિઓ અને સર્જનાત્મક અભિવ્યકિતઓને એકબીજા સુધી પહોચાડતો સ્નેહનો સેતુ છે. સંવાદ, સહકાર અને સ્નેહના સેતુને વધુ મજબૂત બનાવવાની ભાવના સાથે આ અંક આપના કરકમળમાં સમર્પિત કરુ છું.

આશા છે કે આ અંક આપને ગમશે અને જ્ઞાન અને આનંદનો પણ અનુભવ કરાવશે. પત્રિકા સર્જનમાં હર -હંમેશ અમારા સહયોગી રહેનારનો હૃદયપૂર્વક આભાર. આપના પ્રતિભાવો અને સૂચનો અમને વધુ સારું કરવાની પ્રેરણા આપતા રહેશે.

રસેશ રાવલ
તંત્રીશ્રી

## આ અંકમાં

**સંસ્થા સમાચાર :-**

**(૧) ટપાલથી સોલાર એનર્જી સુધીની બહુ આયામી સફર – વિજયલક્ષ્મી શેઠ.**
**(૨) લોકોને કોર્ટથી દૂર રાખનાર વકીલ – નીતિનભાઈ ઠક્કર.**
**(૩) આ એક પ્રકરણ છે, આખું પુસ્તક નહીં એવું માનીને ઈમ્પ્રુવ થાવ – વિજયલક્ષ્મી શેઠ.**
**(૪) ભૂકંપ થી પુનઃ ઉત્થાન સુધી : કચ્છની મક્કમ મનોબળની ગાથા વિષય નિબંધ સ્પર્ધામાં સ્થાન.**
**(૫) પુસ્તક સર્જન એ સાહિત્ય સર્જનની પરાકાષ્ટા – પુસ્તક વિમોચન અહેવાલ.**
**(૬) ભારતીય સંસ્કૃત જ્ઞાન પરીક્ષામાં રાજ્યમાં પ્રથમ – વંશી ભાનુશાલી.**
**(૭) નિરોણા શાળામાં યોજાયેલ અલગ અલગ પ્રવૃતિના અહેવાલ.**
**(૮) મસ્કા શાળામાં યોજાયેલ અલગ અલગ પ્રવૃતિના અહેવાલ.**
**(૯) દયાપર શાળા સોલાર પેનલથી સજજ બની.**
**(૧૦) બાડા હાઈસ્કૂલ દાતાના સહયોગથી વાતાનુકુલિત બની.**
**(૧૧) બાડા અને કોડાય શાળાનું ગૌરવ.**
**(૧૨) કોડાય શાળાને પાણીનો રૂમ તથા બગીચા માટે મળેલ સહયોગ.**
**(૧૩) ભદ્રેશ્વર શાળાને વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમથી સજજ કરાઈ.**
**(૧૪) ડોનેશનની વિગત.**
**(૧૫) પ્રતિભાવ.**
**(૧૬) ડોનેશનની નમ્ર અપીલ.**

ચિત્રલેખા
વાર્ષિક વિશેષાંક
સુપર થર્ટી

**વિજયાલક્ષ્મી શેઠ** *નિવૃત્ત સનદી અધિકારી*

# ટપાલથી સોલાર એનર્જી સુધીની બહુઆયામી સફર

**ગુજરાતની** સૌપ્રથમ પોસ્ટવુમનની ભરતી (૧૯૭૯), ગુજરાતમાં પ્રથમ સોલાર કમ્પ્યુટર લૅબની સ્થાપના (૨૦૦૨), દેશમાં પ્રથમ સોલાર પોસ્ટ ઑફિસની સ્થાપના (૨૦૦૮).

આ ત્રણેય યોજનાનાં સૂત્રધાર છે એક સન્નારી, અમદાવાદનાં વિજયાલક્ષ્મી શેઠ. એમની બે મહત્ત્વની ઓળખ. ગુજરાતનાં પ્રથમ મહિલા પોસ્ટ માસ્તર જનરલ તથા કચ્છના લોકસભાનાં ભૂતપૂર્વ સાંસદ (૧૯૬૭), તુલસીદાસ એમ. શેઠનાં પુત્રી અને રાજસભાના ભૂતપૂર્વ સભ્ય (૧૯૮૪) (મરહૂમ) રઉફ વલીઉલ્લાહનાં પત્ની.

લોહાણા સમાજના તુલસીદાસ શેઠે એક જમાનામાં કચ્છમાં જજ, રેવન્યૂ કમિશનર અને કલેક્ટર તરીકે સેવા આપી હતી. સાથે જ કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં માધ્યમિક શાળા ખોલીને શિક્ષણ દ્વારા વ્યક્તિ અને સમાજવિકાસ કરવા 'સારસ્વતમ ટ્રસ્ટ' સ્થાપ્યું. એના નેજા તળે વર્ષ ૧૯૬૯માં સોળ સરકારી ગ્રાન્ટેડ 'સારસ્વતમ માધ્યમિક શાળા' શરૂ કરી. પરિણામ ગણો તો એક સમયે કચ્છના માધ્યમિક શિક્ષણમાં 'સારસ્વતમ'નો હિસ્સો ૩૫ ટકા જેટલો હતો.




૧૯૭૩માં એમનું નિધન થયા પછી ઉત્સાહી પુત્રી વિજયાલક્ષ્મીએ પિતૃતર્પણ રૂપે શૈક્ષણિક પ્રવૃત્તિના વિકાસને જીવનનું લક્ષ્ય બનાવ્યું. સાથે પર્વતારોહણ અને વાંચનનો શોખ, કારકિર્દી વિકાસ, વગેરે જાળવી રાખ્યાં.

એ કચ્છમાં પ્રાથમિક, અમદાવાદમાં સ્નાતક અને ભૂજમાં અનુસ્નાતક શિક્ષણ મેળવીને ૧૯૭૯માં ગુજરાતનાં પ્રથમ મહિલા આઈપીઓએસ (ઈન્ડિયન પોસ્ટ ઑફિસ સર્વિસ) અધિકારી તરીકે જૂનાગઢમાં સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોસ્ટ બન્યાં. નવતર અભિગમમાં એમણે દસથી વધુ મહિલાને ટપાલી તરીકે નિમણૂક આપી. પછીના સમયમાં રેલવે મેઈલ સર્વિસ, કેન્દ્રીય નાણાં મંત્રાલયમાં અન્ડર સેક્રેટરી, ગુજરાત મહિલા આયોગનાં સચિવ, અંતરીક્ષ ઉપયોગ કેન્દ્ર, અમદાવાદનાં કન્ટ્રોલર, વગેરે પદ પર રહીને ૨૦૦૮માં ગુજરાતમાં ચીફ પોસ્ટ માસ્તર જનરલ તરીકે નિવૃત્ત થયાં.

આ અરસામાં દેશની પ્રથમ સોલાર સંચાલિત પોસ્ટ ઑફિસ ઉત્તર પ્રદેશના મહારાજગંજમાં શરૂ કરાવી. વર્ષો પછી 'સારસ્વતમ'ની એક શાળાની કમ્પ્યુટર લૅબ સૌરઊર્જા સંચાલિત બનાવી. 'સારસ્વતમ'નું કાર્યાલય માંડવીમાં અને કારોબાર કચ્છ-ભૂજમાં. એક જિલ્લામાં વીસ ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ધરાવતી ગુજરાતની આ સંભવતઃ સૌથી જૂની (પંચાવન વર્ષ) સંસ્થા હશે. એનાં પ્રમુખ વિજયાલક્ષ્મીબહેન શેઠ કહે છેઃ 'ટ્રસ્ટ કચ્છના છ તાલુકામાં ૨૦ માધ્યમિક ગ્રાન્ટેડ શાળા, મુંદ્રા તાલુકામાં ૧૨૦ આંગણવાડી તથા ભૂજમાં લેડીઝ હૉસ્ટેલનું સંચાલન કરે છે. શાળામાં પંદરસોથી વધુ વિદ્યાર્થિની છે. એ રીતે કન્યા કેળવણીને મહત્તા આપી. તમામ શાળામાં સ્માર્ટ ક્લાસ છે. એ ઉપરાંત, કુપોષિત બાળકો અને ધાત્રી માતા માટે પોષણયુક્ત આહાર, આરોગ્ય સારવાર કૅમ્પ, વગેરે પ્રવૃત્તિ કરીએ છીએ. ભવિષ્યમાં દરેક શાળાને સૌરઊર્જાથી સંચાલિત કરવાનું, અમુક વર્ગમાં ટેલિ કોર્સનું આયોજન છે.'

નીતિન ઠક્કર એડ્વોકેટ

# લોકોને કોર્ટથી દૂર રાખનારા વકીલ



**કાયદાકીય** ક્ષેત્રે આદરપાત્ર નામ. સાથે સામાજિક, શૈક્ષણિક અને જરૂરતમંદ વર્ગની સેવા-સહાયમાં પણ સક્રિય અને સકારાત્મક ભૂમિકા ભજવતા હોય એવું એક ગૌરવવંતુ વ્યક્તિત્વ એટલે મુંબઈના સિનિયર એડ્વોકેટ નીતિન ઠક્કર.

૫૮ વરસ સતત કાયદાની દુનિયામાં વ્યસ્તતા વચ્ચે પણ વિવિધ સામાજિક ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરતા રહેલા નીતિનભાઈ આજે ૭૯ની ઉંમરે પણ છ-સાત જાણીતાં ટ્રસ્ટોમાં જવાબદાર હોદ્દે છે. ઉપરાંત, મુંબઈની વિવિધ લૉ કૉલેજોને એ માર્ગદર્શન પણ આપતા રહે છે.

મુંબઈ હાઈ કોર્ટના સિનિયર એડ્વોકેટ નીતિન ઠક્કર આર્બિટ્રેટર અને મિડિયેટર પણ છે. એમના પિતા ગોરધનભાઈ ઠક્કર પણ હાઈ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા ને કેટલોક સમય ન્યાયાધીશપદે પણ હતા. નીતિનભાઈએ મિડિયેટર તરીકે સંખ્યાબંધ કેસો પરસ્પર સમજૂતીથી ઉકેલ્યા છે. એમના મતે કોર્ટ કેસ લડવામાં વરસો વિતાવવા છતાં યોગ્ય મિડિયેટર મારફત સૅટલમેન્ટનો માર્ગ ઉત્તમ બની રહે છે.

૨૦૨૧થી 'બૉમ્બે બાર ઍસોસિયેશન'ના પ્રેસિડન્ટ રહેનાર અને હાઈ કોર્ટનાં કામકાજમાં અસાધારણ કામગીરી બજાવનાર નીતિનભાઈ ઠક્કર દિલ્હીસ્થિત પ્રતિષ્ઠિત સંસ્થા 'બાર ઍસોસિયેશન ઑફ ઈન્ડિયા' (બીએઆઈ)ની એક્ઝિક્યુટિવ કમિટીમાં પણ છે. મુંબઈની ૧૦૬ વરસ જૂની 'ચંદારામજી હાઈ સ્કૂલ'ની મૅનેજિંગ કાઉન્સિલના સભ્ય, 'બાબુલનાથ ટ્રસ્ટ'ના ચૅરમૅન ઉપરાંત 'માધવબાગ ટ્રસ્ટ' અને વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં કાર્યરત નીતિનભાઈ કહે છેઃ 'મારા જીવનમાં માતા-પિતા અને પાંડુરંગ શાસ્ત્રી-દાદાનો ભરપૂર પ્રભાવ. એમણે મને તમામ સંજોગોમાં સકારાત્મક અને સમતોલ રહેવાનું શીખવ્યું.'

નીતિનભાઈએ સમાજને સતત બહેતર બનાવતાં રહેવાનો અભિગમ રાખ્યો છે. પોતાની આ યાત્રામાં પત્ની નલિની ઠક્કરના સાતત્યપૂર્ણ સાથનો પણ નોંધપાત્ર ફાળો હોવાનું એ ઉમેરે છે. જ્ઞાન કે પદનો અહંકાર હોવો જોઈએ નહીં, એવું માનતા નીતિનભાઈ સ્વપ્રસિદ્ધિથી દૂર રહ્યા છે.

એ ગુજરાતમાં 'સારસ્વતમ' સંસ્થામાં પણ દાયકાઓથી સક્રિય છે. એમના સસરા તુલસીદાસ શેઠે સ્થાપેલી આ સંસ્થાના નેજા હેઠળ કચ્છનાં સંખ્યાબંધ ગામડાંઓમાં સ્થપાયેલી ગુજરાતી માધ્યમની ૨૦ શાળા આજે પણ કાર્યરત છે. લોનાવલા ખાતેની દેશની ટોચની સુપ્રસિદ્ધ યોગ સંસ્થા 'કૈવલ્યધામ'માં પણ એ સેવા આપી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે નીતિન ઠક્કરે LAW ASIA અને 'યંગ લૉયર્સ ઈન્ટરનૅશનલ ઍસોસિયેશન કૉન્ફરન્સ' ખાતે પેપર્સ પ્રસ્તુત કર્યાં હતાં. એ ઉપરાંત, યંગ લૉયર્સ ઈન્ટરનૅશનલની એક્ઝિક્યુટિવ કમિટીમાં સર્વાધિક મતોથી ચૂંટાયા હતા, જ્યાં પછીથી એ આજીવન માનદ વાઈસ પ્રેસિડન્ટ બન્યા હતા.

૮૮ દેશોનો પ્રવાસ કરનાર તેમ જ પ્રકૃતિને કૅમેરામાં કંડારનારા આ એડ્વોકેટ અનેકવિધ એવૉર્ડ્સથી સમ્માનિત થયા છે, જેમાં 'કૅપિટલ ફાઉન્ડેશન'નો એવૉર્ડ અને 'લૉયર્સ ડે એવૉર્ડ' મુખ્ય છે.

૧૩૫

કચ્છમિત્ર
ભુજ - શનિવાર, તા. ૦૭-૦૩-૨૦૨૬
કચ્છ

# 'આ એક પ્રકરણ છે, આખું પુસ્તક નહીં એવું માનીને ઇમ્પ્રુવ થાવ...'

**મુલાકાત**

**હેતલ પટેલ**

કામમાં જ આનંદ અને આનંદથી કામ કરવામાં માનતા તુલસીદાસભાઇ મૂળજી શેઠના સાતમા સંતાન, ભુજની ધરા પર ૧૯૪૮માં જન્મેલા રાજ્યના સર્વપ્રથમ મહિલા ચીફ પોસ્ટ માસ્ટર જનરલના હોદ્દે પહોંચેલા પ્રથમ કચ્છી મહિલા આઇ.પી.એસ. વિજયાલક્ષ્મી શેઠ વહીવટી જવાબદારી સાથે સારસ્વતમ્‌ના માધ્યમથી કચ્છમાં મહિલાનાં શિક્ષણ અને સશક્તિરણ માટે નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

ભુજમાં શાળાકીય શિક્ષણ બાદ અમદાવાદમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગ્રેજ્યુએશન તથા લાલન કોલેજમાં અનુસ્નાતક કર્યું છે. પ્રથમ વખત પોસ્ટલ સર્વિસની પરીક્ષા આપતી વખતે પૂરકબળ એવા પિતાને સનદી પરીક્ષા પાસ થયાની ખુશખબરી આપી શક્યા ન હતા. પતિ રઉફવલી ઉલ્લાહ જેવા આધારસ્તંભને પણ અકાળે ખોયા છતાં ગ્રામ ઉત્કર્ષ અને મહિલા ઉત્કર્ષ માટે કાર્ય કરવાનું ચાલુ રાખ્યું હતું. ઉત્તરપ્રદેશની નોકરી દરમ્યાન વીજવિક્ષેપના ઉકેલરૂપે દેશમાં સૌ પહેલી સોલાર પોસ્ટ ઓફિસ અને ત્યારબાદ તબક્કાવાર ચારેક ટપાલ ઓફિસને સોલારથી સજ્જ બનાવી હતી.




વિજયાલક્ષ્મી શેઠનું વ્યક્તિત્વ માત્ર એક સફળ અધિકારી સુધી મર્યાદિત નથી, પરંતુ પ્રેરણાનું જીવંત ઉદાહરણ છે કે, સમાજમાં મહિલાઓ માટે કોઇ પણ ક્ષેત્ર અપ્રાપ્ય નથી. મનમાં દૃઢ સંકલ્પ હોય તો પડકારો રસ્તો રોકી શકતા નથી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે તેમનું કાર્ય અને વ્યક્તિત્વ યાદ કરવું એ મહિલાશક્તિ, સંકલ્પ અને સિદ્ધિના સન્માનનો અવસર છે. તેમની જીવંતગાથા અનેક મહિલાઓ માટે પ્રેરણાદીપક છે.



વિજયાબેન શેઠ
પ્રથમ કચ્છી મહિલા આઇપીએસ

**• તમારાં ક્ષેત્રમાં મળેલો અનુભવ તથા કાર્યો વિશે જણાવો**

- જો તમે મહિલા દિવસ નિમિત્તે મારો ઇન્ટરવ્યૂ લેતા હો તો તમે ખોટી વ્યક્તિની પસંદગી કરી છે. કારણ કે મેં કદી પુરુષ અને મહિલાને અલગ નથી માન્યા. તમે એક અધિકારી છો અને તમારી જોબની શું ડિમાન્ડ છે તે મુજબ તમે કાર્ય કરવાનું હોય. રાત્રે બાર વાગ્યે પણ વિરાન પ્રદેશમાં ચેકિંગમાં જવાનું થયું છે ત્યારે સ્ત્રી છું તો આ નહીં કરું તે અભિગમ ન ચાલે. સ્ત્રી હોય કે પુરુષ, પોતાનાં કાર્ય પ્રત્યે જવાબદાર રહેવું એ એક મંત્ર હોવો જોઇએ.

**• સફળતા મેળવવા કયા મૂલ્યોએ પ્રેરકબળ પૂરું પાડ્યું ?**

- માતા-પિતા દ્વારા કરાયેલુ ઘડતર મોટો ભાગ ભજવે છે. શાળામાં શિક્ષકોએ આપેલા મૂલ્યો પણ આપણી સાથે રહે છે. કૌશલ્ય તો છે જ, પરંતુ જીવન ઘડતરમાં બનેલા પ્રસંગો, મળેલી વ્યક્તિ ઘણું શીખવી જાય છે. નાની-નાની વાતમાં પણ આપણી અવલોકન કરવાની દૃષ્ટિ, ખુલ્લું મન આપણને પ્રેરકબળ પૂરું પાડે છે. તેના માટે મોટા આચાર કે વિચારની જ જરૂર રહેતી નથી.

**• નિષ્ફળ સંજોગો કે સંઘર્ષપૂર્ણ પરિસ્થિતિમાં તમે લીધેલા વ્યૂહાત્મક પ્રયત્નો કયા હતા ?**

આ એક પ્રકરણ છે, આખું પુસ્તક નહીં તેમ વિચારીને નિષ્ફળતામાંથી પણ પાઠ શીખીએ. આત્મમંથન કરવું જરૂરી છે. દરેક વખતે સફળ થાઓ એવું જરૂરી નથી. કોઈ પણ કાર્ય બાદ ક્યાં ચૂક થઈ, શું ઈમ્પ્રૂવ કરી શકીએ, પોતાની ભૂલને ચકાસીએ તો ચોક્કસપણે આવનારા પ્રકરણો વધારે સારા આવશે.

**• સ્ત્રી શિક્ષણ વિકાસની દૃષ્ટિએ તમારો અનુભવ કેવો રહ્યો ? ભવિષ્ય કેવું હશે ?**

- આજથી ૫૫ વર્ષ પહેલાં જ્યારે સારસ્વતમ્ શાળાની શરૂઆત કરાઈ ત્યારે છોકરા-છોકરીઓની શાળા અલગ નહોતી. વાલીઓ વિશ્વાસ સાથે દીકરીઓને ભણાવા મોકલતા, જ્યારે આજે મહિલા કોલેજ હોય તો મોકલીએ એ અભિગમ જોવા મળી રહ્યો છે. ટેક્નોલોજી સાથે અપડેટ થવાની જરૂર છે. આજે આ સ્થિતિ છે, પરંતુ કાલે પણ આ જ રહેશે તેવું જરૂરી નથી કારણ કે બદલાવ માત્ર એ જ નિયમ છે.

**• પરિવાર અને વ્યવસાયના સંતુલન માટે મહિલાનો વ્યવહારુ અભિગમ કેવો હોવો જોઈએ ?**

- પરિવાર અને વ્યવસાય સાથે સંતુલન સાધવું સહેલું નથી. ઘણી વખત બાળકો, ઘર, પતિ પ્રત્યે ધ્યાન ન આપી શકવાથી અપરાધભાવ પણ જન્મે છે, પરંતુ જાતને ટ્યુનિંગ કરવું પડે. કોઈ સંજોગોમાં કોઈ મનદુઃખ થાય તો પણ સ્વીકારવું પડે. પુરુષ માટે સહજ સ્વીકાર્ય છે, પરંતુ સ્ત્રી પાસે સમાજ બધી જ અપેક્ષાઓ રાખે છે ત્યારે પરિવાર, સમાજ અને કામગીરી સાથે સમતુલન સાંધીને ચાલવું, પરંતુ લક્ષ્યાંકો છોડવા નહીં.

**• પુરુષપ્રધાન માનસિકતા વચ્ચે પડકારોનો સામનો કેવી રીતે કર્યો ?**


- પડકાર જેવી કોઈ ચીજ નથી. રસ્તે ચાલતા કાંકરા પણ લાગે, ડામર કે સિમેન્ટનો રસ્તો પણ આવશે, ત્યારે સારા અનુભવો યાદ રાખવા, જાત પર વિશ્વાસ રાખવો. ઉચિત ન લાગે ત્યાં સામનો કરવો. સૂઝબૂઝ, વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો.

## સારસ્વતમ્‌નું ગૌરવ

**આપણી સંસ્થાના આદરણીય પ્રમુખ શ્રી વિજયલક્ષ્મી ટી. શેઠની મહિલાદિન નિમિતે કચ્છમિત્રમાં તા.૦૭/૦૩/૨૦૨૬ ના તેમની મુલાકાત પ્રસિદ્ધ થયેલ હતી તે આપણા સૌ માટે ગૌરવપ્રદ ઘટના છે. એવી જ ઘટના ચિત્રલેખાના વાર્ષિક વિશેષાંક સુપર થર્ટીમાં પણ ટપાલથી સોલાર એનર્જી સુધીની બહુ આયામી સફરમાં પ્રમુખ શ્રી વિજયલક્ષ્મી ટી. શેઠની મુલાકાત પ્રસિદ્ધ થયેલ છે સાથોસાથ સંસ્થાના આદરણીય ઉપપ્રમુખ શ્રી નિતિનભાઈ જી. ઠક્કરનો પરિચય ''લોકોને કોર્ટથી દૂર રાખનારા વકીલ'' તરીકે ભારતના અગ્રીમ સામયિક ''ચિત્રલેખા'' માં પ્રસિદ્ધ થયેલ છે. જે પણ સંસ્થા માટે ગૌરવપ્રદ ઘટના છે. બંને મુલાકાતો સંપર્કમાં લેતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ.**

→ સંપાદકીય

મા આશાપુરા ન્યુઝ ભૂજ - કચ્છ આયોજીત ત્રણ વિભાગમાં નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં ઓપન સ્પર્ધામાં કચ્છભરમાંથી ઘણા રસિકોએ ભાગ લીધો હતો. 'કચ્છડો ખેલે ખલક મેં' અંતર્ગત સંસ્થાના વહીવટી અધિકારી મુલેશ કે. દોશીએ ઓપન વિભાગમાં ભાગ લઈ ''ભૂકંપ થી પુનઃ ઉત્થાન સુધી : કચ્છની મક્કમ મનોબળની ગાથા'' એ વિષય પર તૃતીય ક્રમાંક મેળવીને સંસ્થાનું ગૌરવ વધાર્યુ હતું. જેમને મા ન્યુઝ તરફથી રોકડ પુરસ્કાર તથા સન્માનપત્ર એનાયત કરવામાં આવેલ.



# પુસ્તક સર્જન એ સાહિત્ય સર્જનની પરાકાષ્ટા

**દેવેન્દ્ર વ્યાસ દ્વારા**

: સાહિત્ય વ્યક્તિગત સંવેદના, સ્પંદનોના સંબંધોને પ્રતિબિંબિત કરે છે. મુલેશભાઈએ સાક્ષરધરા માંડવીના સાહિત્ય સર્જનનો વારસો જાળવી રાખીને સર્જક ભૂમિનું નામ વધાર્યું છે. પુસ્તક સર્જન એ સાહિત્ય સર્જનની પરાકાષ્ટા છે. શ્રેષ્ઠ સ્વરૂપે સાહિત્ય લેખનમાંથી ઉપલબ્ધ થાય એ સભ્ય સમાજનું લક્ષણ-ગુણ છે, એમ મુલેશભાઈ દોશી લિખિત ૫૧ લઘુકથા સંગ્રહના વિવેક ગ્રામ પ્રકાશન દ્વારા પ્રકાશિત 'સત્ય સમીપે'નું લોકાર્પણ કરતાં અધ્યક્ષસ્થાનેથી બોલતાં સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ અને માંડવીના સપૂત નિલયભાઈ વી. અંજારિયાએ લાગણીઓ પ્રદર્શિત કરતાં એઈમ્સ સ્કૂલના પટાંગણમાં યોજાયેલા લોકાર્પણ સમારોહમાં કહ્યું હતું. તેઓએ 'કચ્છમિત્ર'ને સામાજિક-સાંસ્કૃતિક પ્રદાનને સ્વચ્છ, સાતત્યસભર અને નિષ્પક્ષ અખબાર તરીકે મૂલવ્યું હતું.



સત્ય સમીપે પુસ્તકનું વિમોચન કરતા સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ નિલયભાઈ અંજારિયા, ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, સર્જક મુલેશ દોશી, કૌશિક શાહ, ડો. વિજયકુમાર, ચૈતન્યભાઈ શ્રોફ અને અન્યો, ઈન્સેટમાં સંબોધન કરતા નિલયભાઈ અંજારિયા તેમજ અનિરુદ્ધભાઈ દવે. (તસવીર : રાજુ ખત્રી)

## માંડવીમાં મુલેશ દોશી લિખિત ૫૧ લઘુકથાના સંગ્રહ સત્ય સમીપેનું સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ નિલયભાઈ અંજારિયા, ધારાસભ્ય અનિરુદ્ધભાઈ સહિતની ઉપસ્થિતિમાં વિમોચન

**સાહિત્ય અને કાયદા વચ્ચે અનુસંધાન**

પ્રમુખ પદેથી બોલતાં સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ નિલયભાઈ અંજારિયાએ પિતૃભૂમિ ઉપર આ કાર્યક્રમમાં સહભાગી થવા બદલ અહોભાવ પ્રગટ કરતાં જણાવ્યું કે, માંડવી આવવાનું થાય ત્યારે 'સત્યના સમીપે' આવ્યો હોવાનું અનુભવાય છે. પિતાના પરલોક ગમન પછી આવવામાં સાતત્ય અને ફ્રિકવન્સી ઘટવા છતાં વતનપ્રેમ જડબેસલાક બરકરાર રહ્યો છે. મુલેશભાઈ સાથે વ્યક્તિગત સંબંધો, કચ્છમિત્ર ટ્રોફીમાં સાથે ક્રિકેટ રમેલા એ યાદગાર છે. કાયદા અને સાહિત્યને સામાન્ય રીતે બહુ લાગે-વળગે નહીં, પરંતુ દરેક જજમેન્ટ પીસ ઓફ લીટરેચર હોવાથી સાહિત્ય અને કાયદા વચ્ચે અનુસંધાન છે. સાહિત્ય થકી સમાજ સંસ્કારી બને છે. કચ્છમિત્ર દીપોત્સવી અંક જોઈએ તો દરેક વેળાએ નવોદિત સર્જક એકાદ તો જોવા મળે. સંસ્કાર સાહિત્ય સર્જક પ્રવૃત્તિને પોરસાવવા અને તેવું પ્રતિબિંબિત કરવા બદલ 'કચ્છમિત્ર'ને અભિનંદન. આજે માતૃભાષા વિલુપ્ત થતી અનુભવાઈ છે, ત્યારે માતૃભાષા સર્જન અને કચ્છીયતને ઉજાગર કરવા બદલ અભિનંદન સહ રાજીપો પાઠવું છું.

**માનવીની મોટપ સંગ્રહમાં ઝીલાઈ**

મુખ્ય મહેમાન પદેથી ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ કહ્યું હતું કે, સર્જનમાં નાના માણસના પાત્રોમાં માનવીની મોટપ સંગ્રહમાં ઝીલાઈ છે. વડાપ્રધાન શ્રી મોદીના સ્લોગન 'વાંચે ગુજરાત'ને સાર્થક બનાવવા, વિશાળ વર્ગ સુધી પ્રસાર કરવા 'સત્ય સમીપે'ને તરતું પુસ્તક બનાવવાનો અનુરોધ કરીને સર્વોચ્ચ અદાલત સુધી ન્યાયમૂર્તિ પદે પહોંચવામાં જસ્ટિસ શ્રી અંજારિયાની અભ્યાસપૂર્ણ સાફલ્યગાથા બદલ ગૌરવ અનુભવ્યું હતું.

**માતૃભાષાની કડીને મજબૂત રાખજો**

એગ્રોસેલના એક્ઝિ. ડાયરેક્ટર ચૈતન્યભાઈ શ્રોફે નવી પેઢી માટે માતૃભૂમિ અને માતૃભાષા માટે કડી મજબૂત રાખવી સમયનો તકાજો લેખાવીને કહ્યું કે, દુનિયા ફર્યા વિના દુનિયાને જાણવા માટે પુસ્તક ખરીદીને વાંચવું. અતિથિ ગાઈડના ડાયરેક્ટર અને સારસ્વતમ્‌ના માનદમંત્રી ડો. વી. વિજયકુમારે કહ્યું કે, આનંદ એ વાતનો છે કે, સર્જન માતૃભાષામાં થયું છે. સર્જનમાં સમાજરચના, કુટુંબ વ્યવસ્થા અને સંક્ષિપ્તપણામાં ગુંથણી આવકાર્યા છે.

**માત્ર પોતીકું લાગે તો સર્જન દીપી ઊઠે**

પુસ્તક પરિચય કરાવતાં લેખક, વાર્તાકાર માવજીભાઈ મહેશ્વરીએ કથા-પાત્ર ચિત્રણને માનવજાતના રસના વિષય તરીકે આગળ કરતાં જણાવ્યું કે, પાત્ર પોતીકું લાગે ત્યારે સર્જન દીપી ઊઠે. મુલેશ દોશીના 'સત્ય સમીપે' સર્જનમાં ક્યાંય નકારાત્મકતા નથી દેખાતી. તેઓએ સમાજની સારપને શબ્દસ્થ કરી છે. આ ૫૧ લઘુકથાનો સંગ્રહ છે. તેઓએ ગુરુપ્રસાદી, સવારી વગેરે વાર્તાનું રસપાન કરાવ્યું હતું. કચ્છમિત્ર જુનિયરના સંપાદક-કટાર લેખક સંજયભાઈ ઠાકરે શ્રી દોશીને કલમના કસબી તરીકે મૂલવતાં કહ્યું કે, ડો. જયંત ખત્રી, મનુભાઈ પાંધી જેવા સર્જકોની ભૂમિમાં તેમનું ભાવાનુવાદ સહિતનું આ ત્રીજું સર્જન છે.

**આ પુસ્તક નથી, આંતરયાત્રા છે**

સર્જક તરીકેનો પ્રતિભાવ આપતાં મુલેશ દોશીએ કહ્યું કે, સર્જનને પોરસાવવામાં 'કચ્છમિત્ર'નો મોટો ફાળો છે. પ્રથમ લેખ કચ્છમિત્રમાં પ્રગટ થયેલો. કચ્છમિત્ર, વી.આર.ટી.આઈ. પ્રકાશન પત્યે ઋણ પ્રદર્શિત કરતાં પુસ્તક પ્રસાર અર્થે શૈલેશ મડૈયાર, સહયાત્રામાં મૂલ્યવાન બળ આપવામાં ડો. કૌશિકભાઈ શાહ, ફિંજલબેન, સ્વ. ઝુમખલાલ મહેતા વગેરે પ્રત્યે કૃતજ્ઞભાવ પ્રદર્શિત કર્યો હતો. લવ ઈઝ બ્યૂટીફુલ બટ રિલેશનશિપ-ફ્રેન્ડશિપ ઈઝ બેટર ધેન લવ. આ અવસરે સોલિસીટર પ્રવીણ વીરાના સૌજન્યથી રૂા. ૨૫ હજારના કાયદાનાં પુસ્તકો યુનિવર્સિટીને ભેટ અપાયાં હતાં.

વી.આર.ટી.આઈ.નાં પુસ્તક પ્રકાશન અધિકારી ગોરધન પટેલ 'કવિ'એ પીઠિકા બાંધતાં કહ્યું હતું કે, સંસ્થાનું આ ૨૪૪મું પ્રકાશન છે. રાજ્યમાં કોઈ પણ એન.જી.ઓ. પ્રકાશન કરતાં આ આંકડો મોટો છે. આ પુસ્તક નથી, આંતરયાત્રા છે. ડો. કૌશિક શાહે વિષય પ્રવેશ કરાવતાં કહ્યું કે, શબ્દને યોગ્ય સ્વરૂપ આપી જનમાનસ સુધી પહોંચાડવું એ સામાન્ય વાત નથી. ટૂંકી વાર્તાઓ સમાજનું દર્પણ છે. જીતુભાઈ દાદ ગઢવીએ જે માણસને ધરતી અને ભાષાનું ગૌરવ ન હોય તેને માનવી ગણાવામાં અતિશયોક્તિ હોય. વાર્તાઓમાં વતનની વહાલપ વર્તાય છે. મહેમાનોનો સત્કાર મુલેશ દોશી, ગોરધન પટેલ, નીતાબેન દોશી, ફિંજલબેન શાહ, રોહન દોશી, જયમીનભાઈ, મલ્લિકા દોશી, હિનાબેન રાઠોડ, રણજિતસિંહ ઝાલા, શૈલેશ મડૈયાર, પ્રવીણ પોપટ વગેરેએ કર્યો હતો.

વક્તાઓ ઉપરાંત પ્રગતિબેન અંજારિયા, નીતાબેન દોશી, ફિંજલબેન શાહ વગેરે મંચસ્થ હતા. હરેશભાઈ ગણાત્રા, વાડીલાલ દોશી, ડો. ચંદ્રકાંત ચોથાણી, શાંતિલાલ ગણાત્રા, ડો. સંજય કોઠારી, ડો. હર્ષદ ઉદેશી, ચંદ્રસેન કોટક, પ્રો. એસ.કે. ઠક્કર, શૈલેશ મડૈયાર, હિતેશ આથા, વસંતબેન સાયલ, ચારણી ગઢવી, ડો. આદિત્ય ચંદારાણા, શિવજી આહીર, પ્રિ. રસેશ રાવલ, ઝાકીર મેમણ, અનીસ ખત્રી, પ્રિ. દર્શના પંડ્યા વગેરે જોડાયા હતા. સંચાલન ડો. કૌશિક શાહે અને આભારદર્શન રોહન દોશીએ કર્યું હતું. ભમાબેન ધોળકિયા, કપિલ ગોર, જિજ્ઞેશ દુગલ વગેરેનું બહુમાન કરાયું હતું.



### ન્યાયમૂર્તિ નિલયભાઇ કચ્છમિત્ર વિશે

- કચ્છમિત્ર સામાજિક-સાંસ્કૃતિક-સાતત્યસભર અને નિષ્પક્ષ અખબાર.
- નવોદિત સર્જકો માટે કચ્છમિત્ર દીપોત્સવી અંક પારાશીશી સમાન.
- માતૃભાષા અને કચ્છીયતને ઉજાગર કરવામાં કચ્છમિત્રનું મોટું યોગદાન.
- સંસ્કાર-સાહિત્ય સર્જનને પોષવાનું કચ્છમિત્ર શ્રેષ્ઠ માધ્યમ.
- સમાજને સંસ્કારયુક્ત સાહિત્ય આપવાનું કાર્ય કચ્છમિત્રએ કર્યું.

## સારસ્વતમ્ સંચાલિત નિરોણા હાઈસ્કૂલની વિદ્યાર્થીની ભારતીય સંસ્કૃત જ્ઞાન પરીક્ષામાં રાજયમા પ્રથમ



**વંશી ભાનુશાલી - કચ્છ સહિત સમગ્ર ગુજરાતનું રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કરી સારસ્વતમ્ પરિવારનું ગૌરવ વધારશે....**

**વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા વર્ષ ૨૦૦૧ થી સમગ્ર કચ્છ જિલ્લામાં '' ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા '' નું આયોજન કરવામાં આવે છે. આ પરીક્ષાનો મુખ્ય ઉદેશ્ય ભારતીય સંસ્કૃતિની વિચારધારાને જીવંત અને જાગૃત રાખવાનો તેમજ વિદ્યાર્થીઓમાં ભારતના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ, મૂલ્યો, નૈતિકતા અને આદર્શોના સંસ્કાર વિકસાવવાનો છે. ધોરણ ૫ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ ગાયત્રી શકિતપીઠ ભુજના માર્ગદર્શન હેઠળ કચ્છમાં આ પરીક્ષા યોજાય છે.**

**વર્ષ ૨૦૨૫માં કચ્છ જિલ્લામાં યોજાયેલ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઈસ્કૂલ, નિરોણાની ધોરણ ૧૧ ની વિદ્યાર્થીની વંશી નિતીનભાઈ ભાનુશાલીએ ઉત્કૃષ્ટ દેખાવ કરી રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. રાજ્ય કક્ષાની આ ભવ્ય સફળતા બાદ વંશી ભાનુશાલી શાંતિકુંજ, હરિદ્વાર મધ્યે રાષ્ટ્રીય કક્ષાએ કચ્છ સહિત સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. રાજ્ય કક્ષાએ સફળતા મેળવી રાષ્ટ્રીય કક્ષાએ પહોંચવા બદલ ટ્રસ્ટીશ્રીઓ, સરપંચ નરોત્તમભાઈ આહિર, આચાર્ય ડૉ વી. એમ. ચૌધરી, નખત્રાણા તાલુકા પરીક્ષા સંયોજક અલ્પેશભાઈ જાની, સમગ્ર શાળા પરિવારે, ગ્રામજનો તથા સારસ્વતમ્ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.**

### સુવિચાર

**બળથી વધારે બુદ્ધિનો ઉપયોગ કરો,કેમ કે બળ લડવાનું શીખવશે અને બુદ્ધિ જીતવાનું.**

## નિરોણામાં પુસ્તકપ્રેમનો અનોખો મહોત્સવ
## શ્રી સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઈસ્કૂલ દ્વારા
## શ્રી કુરપીરદાદા પુસ્તકાલયને ૧૭૦૦ થી વધુ પુસ્તકો અર્પણ કરાયા...

નિરોણા ગામે શરૂ થયેલ શ્રી કુલપીરદાદા પુસ્તકાલય માટે આજે આનંદનો વિશેષ દિવસ રહ્યો. કારણ કે શ્રી સારસ્વતમ્ સંચાલિત પુંજાભાઈ આણંદજી હાઈસ્કૂલ, નિરોણા તરફથી ૧૭૦૦ કરતાં પણ વધુ પુસ્તકો વાંચન માટે ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયા છે. આ પુસ્તકોમાં અનેક અમૂલ્ય, દુર્લભ અને હાલમાં અપ્રાપ્ય એવા સાહિત્યનો સમાવેશ થતો હોવાથી આ પુસ્તકાલય હવે સંખ્યાત્મક તેમજ ગુણાત્મક રીતે વધુ સમૃદ્ધ બન્યું છે.

આ અવસરે ગામના તમામ વાચકોને પુસ્તકાલયમાં આવીને નિરાંતે બેસીને સદ્વાંચન કરવાનું ભાવભર્યું આમત્રંણ આપવામાં આવ્યું છે. પુસ્તક પ્રેમીઓને માટે આ એક સુવર્ણ તક છે. આ પુસ્તકો તેમજ તેની સાચવણી માટે કબાટની સુવિધા ઉપલબ્ધ કરાવવા બદલ હાઈસ્કૂલના આચાર્ય ડૉ. વિષ્ણુભાઈ ચૌધરી, શિક્ષક અલ્પેશભાઈ જાની અને સમગ્ર શાળા પરિવારનો પુસ્તકાલય તરફથી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સાથે જ, પુસ્તકોને શાળાથી પુસ્તકાલય સુધી પહોંચાડવામાં હાઈસ્કૂલના ઉત્સાહી વિદ્યાર્થીઓ તથા તખતસિંહ સોઢાની મહેનતને પણ બિરદાવવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યને સફળ બનાવવામાં નિરોણા ગામના યુવાનો - વાલજીભાઈ, મોહનભાઈ, વસંતભાઈ, શામજીભાઈ, ગોવિંદભાઈ અને પરેશભાઈનું યોગદાન નોંધપાત્ર રહયું હતું આ ઉપરાંત પુસ્તકો લાવવા માટે છકડાની સેવા પૂરી પાડવા બદલ વનરાજસિંહનો પણ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

અંતે ‘‘ વાંચે નિરોણા ’’ અભિયાન અંતર્ગત સમસ્ત ગામજનોને નિયમિત સદ્વાંચન માટે જોડાવા આહ્વાન કરવામાં આવ્યું હતું.





# સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઈસ્કૂલ, નિરોણામાં SSC-HSC ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહ

## ૩૪, વિદ્યાર્થીઓને પુરસ્કારઃ બે દીકરીઓને ''બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર'' એવોર્ડ એનાયત

સારસ્વતમ્ સંચાલિત નિરોણાની પી.એ. હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૩૪ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ તેમજ અન્ય પ્રવૃતિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ૨૬ વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ''પ્લાસ્ટિક મુકત વિદ્યાલય થી પ્લાસ્ટિક મુકત નિરોણા'' અભિયાન સાથે જોડાયેલી શાળાની ૮ દીકરીઓને વિશેષ સન્માન આપી નવાજવામાં આવી હતી.

વર્ષ દરમિયાન સર્વોતમ પ્રદર્શન કરનાર માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગની બે વિદ્યાર્થીનીઓ શ્રેયા ભાનુશાલી અને કોમલ આહીરને ''બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર'' એવોર્ડથી નવાજવામાં આવી હતી. શાળાના શિક્ષક અલ્પેશ જાનીએ કાર્યક્રમમાં પધારેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. વિદાય લેતા વિદ્યાર્થીઓએ શાળામાં વિતાવેલો સમય, શિક્ષકો દ્વારા મળેલું માર્ગદર્શન અને હૂંફભરી યાદોને પોતાના શબ્દોમાં રજૂ કરી હતી. ધો. ૧૦ ના વર્ગશિક્ષક અલ્પેશભાઈ જાની અને ધો. ૧૨ ના વર્ગશિક્ષિકા ભૂમિબેન વોરાએ વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના આચાર્ય ડૉ. વી. એમ. ચૌધરીએ વિદ્યાર્થીઓને તણાવમુકત રહી હકારાત્મક અભિગમ સાથે બોર્ડ પરીક્ષાનો સામનો કરવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમ દરમિયાન ગત વર્ષના ધો. ૯ ના વિદ્યાર્થીઓના ''મની બેંક'' માંથી એકત્રિત થયેલ રકમમાંથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ સાથે ટ્રાન્સપરન્ટ પાઉચ ભેટરૂપે આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ગામના સરપંચશ્રી નરોત્તમભાઈ આહિરે બોર્ડ પરીક્ષાને આફત નહીં પણ અવસર તરીકે સ્વીકારવાની હાકલ કરી હતી. આ પ્રસંગે ગ્રામ અગ્રણીઓ કાનજીભાઈ ભાનુશાલી અને મોહનભાઈ આહીરની ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વંશી ભાનુશાલી અને સગુરાબાઈ કુંભારે કર્યુ હતું, જ્યારે આભારવિધિ શિક્ષિકા અલ્પાબેન બુચિયાએ કરી હતી.





## ''વ્હીલ્સ ફોર એજ્યુકેશન'' મિશન અંતર્ગત મુસાફિર વિકાસની સાયકલ યાત્રા નિરોણા હાઈસ્કૂલ પહોંચીઃ ગ્રામ્ય શિક્ષણ, સંસ્કૃતિ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિનો સંદેશ

સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ સહ પ્રશ્નોતરીનો કાર્યક્રમ યોજાયો હતો. મુંબઈના સિવિલ એન્જિનિયર મુસાફિર વિકાસે ગ્રામ્ય કક્ષાએ શિક્ષણને પ્રોત્સાહન આપવા તથા ગામડાના દરેક બાળક પોતાની ક્ષમતા મુજબ પોતાના સપનાઓ સાકાર કરી શકે તે હેતુસર ''વ્હીલ્સ ફોર એજ્યુકેશન'' મિશનની શરૂઆત કરી છે. આ મિશન અંતર્ગત તેમણે ૨૫ ઑક્ટોબર, ૨૦૨૫થી ભારતભરમાં સાયકલ યાત્રાનો આરંભ કર્યો હતો.

મુંબઈથી સમગ્ર ગુજરાતના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ભ્રમણ કરતાં તેઓ કચ્છના નિરોણા ગામે પહોંચ્યા હતા. અંદાજે ૪,૪૦૦ કિલોમીટરની આ સાયકલ યાત્રા તેમણે ત્રણ મહિનામાં સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. મુસાફિર વિકાસનું લક્ષ્ય આગામી ત્રણ વર્ષમાં સમગ્ર ભારતની લગભગ ૪૦,૦૦૦ કિલોમીટરની સાયકલ યાત્રા પૂર્ણ કરવાનું છે.

આ યાત્રા દરમિયાન તેઓ માત્ર ગ્રામ્ય શિક્ષણને પ્રોત્સાહન આપવાનું જ નહીં. પરંતુ ભારતીય સંસ્કૃતિ, ગ્રામ્ય જીવનશૈલી, પુરાતન સ્મારકો, વેશભૂષા, ભાષાઓ, લોકકલા તથા તહેવારોને નજીકથી સમજવાનો અને તેનો સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

નિરોણાની સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઈસ્કૂલ મધ્યે તેમણે વિદ્યાર્થીઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. વાર્તાલાપ અને પ્રશ્નોતરીના માધ્યમથી વિદ્યાર્થીઓને પોતાની અંદર રહેલી સુષુપ્ત શકિતઓ વિકસાવવા અને જીવનમાં સતત આગળ વધવા માટે પ્રેરણા આપી હતી. સાથે જ સાયકલ યાત્રા ઈકો-ફ્રેન્ડલી હોવા ઉપરાંત પર્યાવરણ સંરક્ષણ અને સ્વાસ્થ્ય માટે અત્યંત લાભદાયી છે તેવો સંદેશ તેમણે પોતાના આચરણ દ્વારા પાઠવ્યો હતો.

આ પ્રસંગે શાળાના વરિષ્ઠ શિક્ષક અલ્પેશભાઈ જાની તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા સમગ્ર ભારત પ્રવાસે નીકળેલા મુસાફિર વિકાસજીની આ પ્રશંસનીય પહેલને બિરદાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને માર્ગદર્શન તથા પ્રેરણા આપવા બદલ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય શ્રી ડૉ વિ.એમ.ચૌધરી સાહેબનું વિશેષ માર્ગદર્શન પ્રાપ્ત થયુ હતું.



## નિરોણા પી.એચ.સી. તેમજ એસ.એસ.પી.એ. હાઈસ્કૂલના સંયુકત ઉપક્રમે વિશ્વ ક્ષય દિવસની ઉજવણીઃ વિદ્યાર્થીઓમાં આરોગ્ય જાગૃતિ લાવવાનો પ્રયાસ

નિરોણા ખાતે આવેલી શ્રી સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઈસ્કૂલમાં આજરોજ પી.એચ.સી. સેન્ટર, નિરોણા દ્વારા વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય પ્રત્યે વિદ્યાર્થીઓમાં સજાગતા વધારવાના હેતુસર આ કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે શારદે વંદના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના આચાર્ય ડૉ. વી. એમ. ચૌધરીએ ઉપસ્થિત મહેમાનો તથા આરોગ્ય ટીમનું હાર્દિક શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની પૃષ્ઠભૂમિ રજૂ કરી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પી.એચ.સી. નિરોણાના મેડિકલ ઓફિસર ડૉ. રાહુલસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું કે ક્ષય(ટીબી) રોગ એક ગંભીર પણ સંપૂર્ણપણે સારવાર યોગ્ય રોગ છે. તેમણે સમયસર તપાસ તથા સારવારના મહત્વ પર ભાર મૂક્યો હતો.

મુખ્ય વકતા તરીકે સુપરવાઈઝર દામજીભાઈ ચાડે ટ્યુબરક્યુલોસિસ (ક્ષય રોગ) વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે રોગના લક્ષણો, ફેલાવાના કારણો, સમયસર નિદાન અને નિયમિત સારવારના મહત્વ અંગે સરળ ભાષામાં સમજણ આપી હતી ઉપરાંત, યોગ્ય પોષણ, સ્વચ્છતા અને દવાઓના નિયમિત ઉપયોગ દ્વારા આ રોગને સંપૂર્ણ રીતે કાબૂમાં રાખી શકાય છે તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે સમગ્ર આરોગ્ય ટીમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછ્યા અને નિષ્ણાતો પાસેથી સંતોષકારક જવાબો મેળવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે પી.એચ.સી.ના MPHW નિતિનભાઈ ભાનુશાલી, મહેશભાઈ ચાડ તેમજ FHW શીવાનીબેન નો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વરિષ્ઠ શિક્ષક અલ્પેશભાઈ જાનીએ કર્યુ હતું, જ્યારે આભારવિધિ ગામના શિક્ષણ અને સમાજ સેવક મોહનભાઈ માતાએ કરી હતી.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં આરોગ્ય જાગૃતિ વધારવાનો તેમજ ક્ષય રોગ સામે લડવા માટે સમાજને સજાગ બનાવવાનો મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો હતો.



## તજજ્ઞ શિક્ષકો દ્વારા સારસ્વતમ્ મસ્કા હાઈસ્કૂલના બાળકોને માર્ગદર્શન

સારસ્વતમ્ સંચાલિત માતૃશ્રી આર.એચ.પી. ઉચ્ચતર માધ્યમિક શાળા મસ્કા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાલક્ષી તૈયારીના ભાગરૂપે વિશેષ માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં વિદ્યાર્થીઓની પકડ મજબૂત બને તે હેતુથી આ વિષયોના અનુભવી શિક્ષકોને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલના માર્ગદર્શન હેઠળ શાળા સમય ઉપરાંત રવિવારના એકસ્ટ્રા વર્ગોનું આયોજન દર વર્ષે શાળામાં કરવામાં આવે છે. એવી જ રીતે આ વર્ષે પણ રવિવારના એકસ્ટ્રા વર્ગોનું આયોજન કરીને બીજી શાળાના અનભુવી શિક્ષકોને શાળામાં બોલાવીને એ શિક્ષકોએ બાળકોને વિષયલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. જેમાં પુંજાણી હાઈસ્કૂલ ગઢશીશાના ગુજરાતી વિષયના શિક્ષક શ્રીમતી પુનિતાબેન રાવલ પધારીને ધો. ૧૦ અને ધો. ૧૨ માં ગુજરાતી વિષયમાં વ્યાકરણને ખુબ સરળ ભાષામાં બાળકોને સમજાવ્યું હતું. બીજા રવિવારે માંડવી શ્રી સ્વામીનારાયણ સંસ્કારધામ વિદ્યાલયના સામાજિક વિજ્ઞાનના શિક્ષક શ્રી ઝાલા સાહેબ પધારીને ઓછી મહેનતે પેપરમાં કેમ સારી રીતે લખીને સારા ગુણ મેળવી શકાય એવું માર્ગદર્શન આપીને બાળકોને પરિક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. આમ બાળકો બોર્ડની પરિક્ષા એકદમ નિશ્ચિત થઈને ભયમુકત બની આપી શકે એવું આશ્વાસન અને પ્રોત્સાહન મયુર સાહેબ દ્વારા આપવામાં આવ્યું હતું.





### સુવિચાર

**પોતાનો રસ્તો જાતે નકકી કરો,**
**કારણ કે તમને તમારા કરતાં વધુ સારી રીતે**
**કોઈ ઓળખતું નથી.**

## સારસ્વતમ્ મસ્કા હાઈસ્કૂલમાં માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરના સંતો દ્વારા જીવનમૂલ્ય શિક્ષણ

સારસ્વતમ્ મસ્કા હાઈસ્કૂલમાં માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરેથી સંતો પધાર્યા હતા. જેમાં શાસ્ત્રી સ્વામી શ્રી શૌનકમુની દાસજી સ્વામી અને તેમની સાથે પધારેલ સંત શાસ્ત્રી સ્વામી શ્રી નિર્દોષ સ્વરુપ દાસજીસ્વામી બાળકોને જીવનના મૂલ્યોના પાઠ ભણાવ્યા હતા. શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલે પધારેલા સંતોને પુસ્તક આપીને તેમનું શાબ્દિક સ્વાગત અને પૂજન કર્યુ હતું. શાળામાં દરરોજ સવારની થતી સમૂહ પ્રાર્થનામાં સાથે ઢોલ, તબલા, ખંજરી જેવી વાદ્યો સાથે સંગીતમય પ્રાર્થના, સુવિચાર, સમાચાર, જાણવા જેવુ, દિનવિશેષ અને જનરલ નોલેજ પ્રશ્નોતરી જેવી પ્રવૃતિઓ જોઈને સંતો અત્યંત ખુશ થયા. શાસ્ત્રી સ્વામી શૌનકમુનિ દાસજી પોતાના વકતવ્યમાં ખાસ કરીને બાળક જયારે ૧૫ થી ૨૫ વર્ષના સમયગાળામાં તરુણાવસ્થા અને યુવાનાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે બાળકમાં શારીરિક અને માનસિક ઘણા એવા ફેરફારો થાય છે. અને આ સમયમાં બાળકમાં ચીડિયાપણું, ક્રોધ, આવેશ, સ્ટ્રેશ, એકબીજા સાથેના સંપર્કમાં આવવું વધારે જોવા મળે છે. ત્યારે બાળક મનને કાબુમાં રાખીને જો પ્રવૃતિ કરતા આગળ આવે તો જીવનની ઘણીબધી સમસ્યાઓને જીતી લે છે અને તે આગળ આવી શકે છે. તેમણે કહયું કે બાળકને ઉચ્ચ અભ્યાસના નિર્ણયો લેવામાં પણ મનને કાબુમાં રાખીને આત્મવિશ્વાસ કેળવીને નિર્ણય લેવો જોઈએ નહીતર કારકિર્દીમાં શૂન્ય લાગી જાય છે. ઘણા બાળકોમાં મિત્રો જેમ કરે તેમ કરવું, માતા પિતાનું ન માનવું પોતાનું ધાર્યુ કરવું, પોતાની ક્ષમતા કરતા વધારે વિચારી લેવું જેવા વિચારોમાંથી મનને કાબુમાં રાખીને યોગ્ય નિર્ણય લે તો જ જીવનના બધા સુખ મેળવીને સફળ થાય છે. અંતે ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાના પેપર હળવા ટેન્શનમુકત થઈને લખે અને સારા ગુણ અને સારી ટકાવારીએ પાસ થઈને ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે એવા શુભ આશિષ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. અંતમાં સવારની પ્રાર્થના સભાની આભારવિધિ શ્રી વિષ્ણુભાઈ દૂધરેજિયા કરી હતી.

### સુવિચાર

**“ આપના બધા પાસે એક બરાબર ટેલેન્ટ નથી હોતુ,
પરંતુ ટેલેન્ટ પેદા કરવાનો એક જેવો અવસર જરૂર મળે છે ”**
**- એ.પી.જે અબ્દુલ કલામ**

## સારસ્વતમ્ મસ્કા હાઈસ્કૂલમાં ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ

સારસ્વતમ્ સંચાલિત માતૃશ્રી આર.એચ.પી. હાઈસ્કૂલ મસ્કા ખાતે ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ બોર્ડની જાહેર પરીક્ષામાં ઉત્કૃષ્ટ સફળતા પ્રાપ્ત કરે તે હેતુથી એક ભવ્ય શુભેચ્છા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ મોરબી જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને મસ્કા આર.એચ.પી. હાઈસ્કૂલના પૂર્વ વિદ્યાર્થી શ્રી કમલેશભાઈ મોતા, અતિથી વિશેષમાં સારસ્વતમ્ સંસ્થાના પ્રશાસન સમિતિના સદ્સ્ય શ્રી કૈલાશભાઈ દોશી, મસ્કા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ કિર્તીભાઈ ગોર, મસ્કા હાઈસ્કૂલના વિદ્યાર્થી અને નિવૃત શિક્ષકશ્રી પ્રવીણભાઈ ગોર, મસ્કા હાઈસ્કૂલના વિદ્યાર્થી અને પ્રાથમિક શાળાના નિવૃત શિક્ષકશ્રી જયંતીલાલ મોતા, માંડવી ગોકુલ આર્ટસ કોલેજના આચાર્યશ્રી ધવલભાઈ પટેલ, બાગ વાડી પ્રાથમિક શાળાના આચાર્ય અને મસ્કા હાઈસ્કૂલના વિદ્યાર્થી હિરેનભાઈ મોતા, સંદેશ વર્તમાનપત્રના પત્રકાર સુરેશભાઈ હિરાણી ઉપસ્થિત રહ્યા હતા.





કાર્યક્રમની શરૂઆત પધારેલા મહેમાનોના વરદહસ્તે દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ધો.૯ ની વિદ્યાર્થીનીઓ એ અભિનય સાથે મા સરસ્વતીની પ્રાર્થના કરી. કાર્યક્રમને આગળ ધપાવતા ધો.૧૧ ની વિદ્યાર્થીનીઓ દ્વારા અભિનય સાથે સ્વાગતગીત રજુ કર્યું હતું.

પધારેલા મહેમાનોનું પુષ્પ દ્વારા સ્વાગત કરીને શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલે પ્રાસંગિક પ્રવચન સાથે શાબ્દિક સ્વાગત કર્યું હતું. પ્રવચનમાં ખાસ કરીને બાળકોને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે પોતાના જીવનકાળ દરમિયાન પ્રગતિમાં નુકસાન કરતા કોઈપણ ‘‘ડાયવર્ઝનમાં’’ ફસાવું ન જોઈએ જેથી કરીને પોતાની કારકિર્દીમાં પૂર્ણવિરામ મુકાઈ જાય. પધારેલા મહાનુભાવોનો એ દ્રષ્ટાંત આપીને જણાવ્યું કે, આ મોટાભાગના મહેમાનો મસ્કા હાઈસ્કૂલના જ વિદ્યાર્થીઓ છે. જેઓ શિક્ષણમાં નિશ્ચિત રહીને પોતાની કારકિર્દીને બનાવી છે.

પધારેલા મહેમાનોના હસ્તે ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી, ગોળ ધાણાથી મોઢું મીઠું કરાવીને બોર્ડની પરીક્ષામાં સારા ગુણ મેળવી પાસ થાય તે માટે સૌએ શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ આપ્યા હતા. શાળામાં દર વર્ષની પરંપરા અનુસાર ‘‘જ્યોત સે જ્યોત જલે...’’ કાર્યક્રમનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

શાળામાં વર્ષોની પરંપરા પ્રમાણે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલી માહિતીને એકત્ર કરીને એક અંક તૈયાર કરવામાં આવે છે. એવી જ રીતે આ વખતે ૪૪ મા અંક ‘‘અંકુર’’ નું વિમોચન પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું, ત્યાર બાદ વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ સહ અભ્યાસિક પ્રવૃતિઓમાં મેળવેલ સિદ્ધિઓને પણ બિરદાવવામાં આવી હતી.







શાળામાં અભ્યાસક્રમ શિક્ષણની સાથોસાથ સહઅભ્યાસિક પ્રવૃતિઓ પણ થાય છે. જેમ કે રમત ગમત, વકતૃત્વ સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા, નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, એક મિનિટ સ્પર્ધા જેવી અનેક શાળાકીય તેમજ તાલુકા, ઝોન કક્ષા, જિલ્લા, રાજ્ય અને નેશનલ કક્ષાની સ્પર્ધાઓમાં જે બાળકોએ ભાગ લઈને અવ્વલ નંબર મેળવ્યા છે, તે બધા જ બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ધો. ૧૨ના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે શાળા છોડીને અન્ય સ્થળે જઈ રહ્યા છે, ત્યારે તેઓએ શાળા પ્રત્યેના સંસ્મરણો વાગોળતા પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા અને પધારેલા મહાનુભાવોએ પણ બોર્ડના વિદ્યાર્થીઓને ઉજજવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

શાળાની યાદગીરી બાળકોના માનસપટ પર કાયમ માટે રહે તે હેતુથી શાળા તરફથી ધો.૧૨ ના દરેક વિદ્યાર્થીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતી એક ફોટોફ્રેમ આપવામાં આવી હતી. બાળકના ફોટોની સાથે શાળાના આચાર્યશ્રી, શાળાના વડીલ નિવૃત શિક્ષકશ્રી તથા શાળાના સ્ટાફમિત્રોના ફોટો પણ આ ફ્રેમમાં કંડારેલા છે. શાળાની યાદની સાથોસાથ ગુરુજનોની યાદ પણ વિદ્યાર્થીઓના માનસપટ પર કાયમ રહે તેવી ફોટોફ્રેમ દરેક વિદ્યાર્થીને આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતમાં ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓ સારા ગુણ અને ઉચા ટકા સાથે ઉર્તીણ થાય અને પોતાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ સહ આશીર્વાદ શાળાના સમગ્ર શિક્ષક ગુરુજનોએ પાઠવ્યા હતા.





શુભેચ્છા સહ વિદાય સમારોહ કાર્યક્રમનું સંચાલન ધો. ૧૧ ની વિદ્યાર્થીનીઓ નાગું ઈશિકા જેન્તીલાલ અને મોતા શ્રેયા નારણભાઈએ કર્યુ હતું. શાળાના શિક્ષકશ્રી શાંતિલાલ પટેલ માર્ગદર્શક તરીકે સાથે રહ્યા હતા. અંતમાં કાર્યક્રમની આભારવિધિ શાળાના શિક્ષકશ્રી અલ્લાઉદ્દીનભાઈ સૈયદે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સમગ્ર સ્ટાફમિત્રોએ જહેમત ઉઠાવી હતી.

## સ્ટેમ ક્વિઝ સ્પર્ધા

ગુજરાત રાજ્ય સરકારના ''ગુજકોસ્ટ'' દ્વારા આયોજીત નેશનલ સ્ટેમ ક્વિઝનું આયોજન ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર દ્વારા ભારતની આ સૌથી મોટી નેશનલ સ્ટેમ ક્વિઝ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં કચ્છ જિલ્લાના શિક્ષણાધિકારીની કચેરી ભુજ, રીજનલ સાયન્સ સેન્ટર ભુજ, કચ્છ જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ના સંયુકત ઉપક્રમે ભુજ સ્મૃતિવન સાયન્સ સિટીમાં તા. ૨૯-૦૧-૨૦૨૬ ના રોજ માધ્યમિક વિભાગ અને તા. ૩૦-૦૧-૨૦૨૬ ના રોજ ઉચ્ચ માધ્યમિક વિભાગ માટે ઝોન કક્ષાની ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા કક્ષાની ક્વિઝ સ્પર્ધામાંથી મેરિટમાં આવેલ વિદ્યાર્થીઓ પૈકી માંડવી તાલુકામાંથી માધ્યમિક વિભાગના ૧૦ વિદ્યાર્થીઓ અને ઉચ્ચ માધ્યમિક વિભાગના ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી થઇ હતી. જેમાં સારસ્વતમ્ મસ્કા હાઈસ્કૂલના માધ્યમિક વિભાગમાંથી ૧ વિદ્યાર્થી ઉચ્ચ માધ્યમિક વિભાગમાંથી ૭ વિદ્યાર્થીઓ એમ કુલ ૮ વિદ્યાર્થીઓની પસંદગી થઇ હતી. આ વિદ્યાર્થીઓ ભુજ ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ગયા હતા.






ઝોન કક્ષારે પ્રથમ નંબર : મોતા શ્રેયા



ઝોન કક્ષારે દ્વિતીય નંબર : જોષી અર્જુન

ઝોન કક્ષાની સ્પર્ધામાં સારસ્વતમ્ મસ્કા હાઈસ્કૂલના ૨ વિદ્યાર્થીઓ અવ્વલ આવી ને પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. આ બન્ને વિદ્યાર્થીઓ માંડવી તાલુકા વતી પ્રતિનિધિત્વ કરવા માટે નેશનલ કક્ષાની ક્વિઝ સ્પર્ધા માટે અમદાવાદ સાયન્સ સિટી ખાતે ગયા હતા. જે સારસ્વતમ્ મસ્કા હાઈસ્કૂલ માટે ગૌરવની બાબત છે.

**મસ્કા હાઈસ્કૂલમાં થતી સહઅભ્યાસિક પ્રવૃતિના માર્ગદર્શક અને નેતૃત્વ સંભાળતા આચાર્યશ્રી મયુરભાઈ રાવલ, શાળામાં સ્ટેમ ક્વિઝ સ્પર્ધાનું સુકાન સંભાળતા મ.શિ. શ્રી શાંતિલાલ પટેલ, બાળકોને ક્વિઝ માટે પ્રોત્સાહિત કરીને ભુજ મુકામે સાથે ગયેલ શિક્ષકશ્રી વિષ્ણુભાઈ દૂધરેજિયા તેમજ શાળાના સમગ્ર સ્ટાફ મિત્રો વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.**

### હાઈસ્કૂલને જીએમડીસી દ્વારા સૌપ્રથમ વખત મળેલ દાન બદલ ખુશી

# દયાપર સારસ્વતમ હાઈસ્કુલમાં હવે સૌર ઉર્જા મળશે : સોલાર પાવર પેનલથી સજ્જ થઈ





**સોલાર પાવરથી વીજ બીલમાંથી મળશે મુક્તિ**

દયાપર સારસ્વતમ સંચાલિત હાઈ સ્કૂલને જીએમડીસી દ્વારા એસ.આર ગ્રાન્ટ અંતર્ગત રૂ. અઢી લાખના ખર્ચે આપવામાં આવેલ સોલાર પાવર પેનલના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો

જીએમડીસી પ્રોજેક્ટ ઉમરસરના જનરલ મેનેજર નાગેન્દ્ર મુકુલવારે જણાવ્યું હતું કે સારસ્વતમ સંસ્થા તેમજ હાઈસ્કૂલની રજૂઆતને લઈને અહીં એસઆર ફંડ દ્વારા આપવામાં આવેલ સોલારની સુવિધાથી શાળાના વીજળી ખર્ચમાં રાહત થશે. તેમ જ અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ ઉપયોગી બનશે. પ્રિન્સિપાલ જીતેશગીરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે શાળામાં બાળકોને અભ્યાસ માટે કોમ્પ્યુટર, સીવણ સાથે ઈલેક્ટ્રોનિક્સ લગતી સુવિધા છે. પરંતુ જો વિદ્યાર્થીઓને તે વિષયનું પ્રેક્ટિકલ શિક્ષણ આપવામાં આવે તો શાળામાં મળતી ગ્રાન્ટ પૈકી અડધી ગ્રાન્ટ વીજ બીલમાં વપરાઈ જતી હતી. તેથી બાળકોને પૂરતું શિક્ષણ આપી શકાતું નહોતું. સોલાર પેનલ મળવાથી હવે વિદ્યાર્થીઓને આ પ્રકારનું શિક્ષણ આપવામાં સરળતા રહેશે. કાર્યક્રમમાં સિવિલ એન્જિનિયર આશિષ સુવાગીયા, એસ આર વિભાગના મહોબતસિંહ માણેક, તાલુકા બી.આર.સી કો ઓર્ડીનેટર જે ડી મહેશ્વરી, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ જશુભા જાડેજા, જીવદયા મંડળના પુનિત ગોસ્વામી, એસ જે મહેતા ( વર્માનગર હાઈસ્કુલ ) સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. સારસ્વતમ સંસ્થાના પ્રમુખ વિદ્યાલક્ષ્મીબેન શેઠ, માનદ મંત્રી વી વિજયકુમાર તેમજ વહીવટી અધિકારી મુલેશ દોશીએ જીએમડીસી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશ્વિનભાઈ ડવે કર્યું હતું. આયોજન વ્યવસ્થા હાઈસ્કૂલના શિક્ષક સ્ટાફ દ્વારા સંભાળવામાં આવી હતી.

# દાતાશ્રી મણિલાલભાઈ કલ્યાણજી પાલણના સહયોગથી સારસ્વત્તમ સંચાલિત હરિયા હાઈસ્કૂલ બાડાના વર્ગખંડો વાતાનુકૂલિત



શિક્ષણ દ્વારા જ સમાજમાં સાચી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. તેમજ અનુકૂળ અને વાતાનુકૂલિત વાતાવરણમાં કાર્ય કરવાથી એકાગ્રતા તથા કાર્યક્ષમતા બંનેમાં વધારો થાય છે. આ ઉમદા હેતુને ધ્યાનમાં રાખી સારસ્વત્તમ સંચાલિત હરિયા હાઈસ્કૂલ, બાડાના વર્ગખંડો તથા આચાર્યશ્રીના કાર્યાલયને વાતાનુકૂલિત કરવામાં આવ્યા છે. આ કાર્ય માટે અ.સૌ. મંજુલાબેન અને મણિલાલ કલ્યાણજી ગડા (ગામ બાડા) દ્વારા કુલ ₹૩,૪૦,૦૦૦ નું માતબર દાન આપવામાં આવ્યું છે. ઉપરાંત વર્ગખંડોના બારી-દરવાજા માટે એલ્યૂમિનિયમ સેક્શન લગાવવાનો સંપૂર્ણ ખર્ચ પણ તેમણે ઉઠાવ્યો છે.

આ દાન તેમણે પોતાના ઈશ્વર સમાન પૂજનીય દિવંગત માતાપિતા સ્વ. કેસરબેન અને સ્વ. ઠાકરશી ડાહ્યાભાઈ ગાલા (ગામ નાના રતડીયા) તેમજ સ્વ. ચંચલબેન અને સ્વ. કલ્યાણજી પાલણ ગડા (ગામ બાડા) ની પવિત્ર સ્મૃતિમાં અર્પણ કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ તેમના તરફથી શાળાની કોમ્પ્યુટર લેબને વાતાનુકૂલિત કરવાની સેવાકીય કામગીરી કરવામાં આવી હતી. આ ઉમદા સુકૃત કાર્ય બદલ સારસ્વત્તમ સંસ્થા, હરિયા ચેરીટેબલ ટ્રસ્ટ, શાળા પરિવાર તથા વાલી મંડળ દ્વારા દાતાશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સારસ્વતમ્ સંચાલિત બાડા અને કોડાય હાઈસ્કૂલનું ગૌરવ

માંડવી તાલુકા (ગ્રામ્ય)માં સેકન્ડરી સ્કોલરશિપ પરીક્ષામાં સારસ્વતમ્‌ના વિદ્યાર્થીઓ મોખરે રહયા છે. રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવતી માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષા (SSE) માં માંડવી તાલુકા (ગ્રામ્ય) વિસ્તારના સારસ્વતમ્ સંચાલિત બાડા તથા કોડાય હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્તમ પરિણામ મેળવી તાલુકાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓએ મહેનત, શિક્ષકોના માર્ગદર્શન અને વાલીઓના સહકારથી આ મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

આ પરીક્ષામાં માંડવી તાલુકા ગ્રામ્યમાંથી કુલ છ વિદ્યાર્થીઓ મેરિટ યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા હતાં. જેમાં બાડા હાઈસ્કૂલના વિદ્યાર્થી જુવડ સન્ની વાલજીભાઈ પ્રથમ ક્રમે રહ્યા હતા, જ્યારે તે જ શાળાના સાટી શર્ફુદિન ઈકબાલભાઈ દ્વિતીય ક્રમે રહ્યા હતા. તેમજ કોડાય હાઈસ્કૂલના વિદ્યાર્થી ગઢવી નિર્ભય દેવરાજ તૃતીય ક્રમે રહ્યા હતાં અને ગુંસાઈ મંથન નિતિનગર ચતુર્થ ક્રમે સ્થાન મેળવ્યું હતું. અન્ય વિદ્યાર્થીઓએ પણ સારું પ્રદર્શન કરીને શાળાનું નામ ઉજાગર કર્યું હતું.

વિદ્યાર્થીઓની આ નોંધપાત્ર સફળતા બદલ સારસ્વતમ્ સંસ્થા, શાળા પરિવાર તથા વાલીમંડળે આનંદ વ્યકત કરી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં. શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરુ પાડયું હતું.

આ સિદ્ધિથી સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.






## સારસ્વતમ્ સંચાલિત કોડાય હાઈસ્કૂલ

શાળાના સતત ધોરણ ૧૦, ૧૨ ના ઉત્કૃષ્ટ પરિણામ અને સારસ્વતમ્ સંસ્થાની નેત્રદીપક અને વિશ્વસનીય કામગીરીથી અભિપ્રેત થઈ અમારી શાળાને શાળાના ભૂતપૂર્વ આચાર્યશ્રી પ્રભાતસિંહ સોલંકી સાહેબની પ્રેરણાથી પાણીના રૂમ તથા શાળાના વિકાસ માટે શ્રીમતી ઈન્દિરાબેન વિશનજી ફેમિલી ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી શ્રી ફાલ્ગુનભાઈ ના હસ્તે રૂ. ૫૧,૦૦૦/- નું દાન મળેલ છે. જે વ્યકિતગત શાળાના આચાર્ય શ્રી પ્રફુલ એચ. વિડજાને અર્પણ કરેલ છે.

જે અંતર્ગત શાળાએ પાણીના રૂમનું બાંધકામ તથા શાળા બહાર બગીચાનું કામ ચાલુ કરાવેલ છે. રૂમની અંદર સારસ્વતમ્ સંસ્થા દ્વારા મળેલ વોટર કૂલર મૂકવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ ગરમીના દિવસો દરમિયાન ઠંડું પાણી પી શકે. બગીચાની ફરતે તારની જાળી અને અંદર શોભનીય વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.







# સારસ્વતમ્ સંચાલિત
# શ્રીમતી પુરબાઈ કાનજી રાજગોર હાઈસ્કૂલ – ભદ્રેશ્વર

## વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ફિટિંગ અહેવાલ

**સારસ્વતમ્ સંચાલિત શ્રીમતી પુ.કા.રા હાઈસ્કૂલ ભદ્રેશ્વરમાં વરસાદી પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થા માટેની વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ આગાખાન ટ્રસ્ટ દ્વારા શાળાને તૈયાર કરી આપવામાં આવી હતી આ સિસ્ટમથી વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય છે. આ પ્રસંગે આગાખાન ટ્રસ્ટના સભ્યો અને શાળા પરિવાર હાજર રહ્યો હતો. શાળા સ્ટાફ દ્વારા આ કાર્યનું આયોજન અને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.**




## ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા અહેવાલ

**એસ.એસ.સી પરીક્ષા આપવા જતા શાળાના ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા માટે સારસ્વતમ્ સંચાલિત શ્રીમતી પુ.કા.રા હાઈસ્કૂલ ભદ્રેશ્વરમાં શુભેચ્છા કાર્યક્રમ તારીખ ૨૩-૨-૨૦૨૬ ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના સરપંચ, ઉપસરપંચ, પંચાયતના સભ્યો, અગ્રણીઓ અને વાલીઓ હાજર રહી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. શાળા સ્ટાફે કાર્યક્રમનું સુંદર આયોજન અને સંચાલન કર્યું હતું.**



## સંસ્થાને મળેલ ડોનેશનની વિગત જાન્યુઆરી - ૨૦૨૬ થી માર્ચ - ૨૦૨૬

| ક્રમ | દાતાશ્રીનું નામ | રકમ (રૂ) | ડોનેશનની વિગત |
|---|---|---|---|
| ૧ | શ્રી વાડીલાલ બી. દોશી - માંડવી | ૨૫૦/- | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૨ | શ્રી હસ્તી કૈલેશ દોશી - માંડવી | ૫૧,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૩ | શ્રી ગૌરવ ડી. મશરૂવાલા - મુંબઈ | ૭૫,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૪ | શ્રીમતી પ્રણતિ જી. મશરૂવાલા - મુંબઈ | ૨૫,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૫ | શ્રી આચર હંસરાજ ભીમજી - નિરોણા | ૫૫,૦૦૦/- | નિરોણા સ્કૂલ બિલ્ડીંગ બાંધકામ માટે |
| ૬ | શ્રી મલ્લિકા કે. દોશી - માંડવી | ૫૦૦/- | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૭ | શ્રી વાડીલાલ બી. દોશી - માંડવી | ૨૫૦/- | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૮ | શ્રી પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેકનોલોજીસ લિમિટેડ - નવી મુંબઈ | ૧૨,૦૦,૦૦૦/- | રામાણીયા સ્કૂલ બિલ્ડીંગ ધો. ૧૧-૧૨ નૂતન ભવન |
| ૯ | શ્રી અરુણ આશર એન્ડ એસોસિએટ્સ - મુંબઈ | ૫૧,૦૦૦/- | નિરોણા સ્કૂલ બિલ્ડીંગ બાંધકામ માટે |
| ૧૦ | શ્રી નવલ મણીલાલ ગાલા - મુંબઈ | ૧૨,૫૦૦/- | કોટડા(રોહા) શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૧૧ | શ્રી લતાબેન નવીન જોબનપુત્રા - US ($ 50 USD) | ૪,૪૮૫/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૧૨ | શ્રી ચેતના ભરત પરીખ - અમદાવાદ | ૧,૯૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૧૩ | શ્રી ચેતના ભરત પરીખ - અમદાવાદ | ૧,૯૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૧૪ | શ્રી ચેતના ભરત પરીખ - અમદાવાદ | ૧,૨૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૧૫ | શ્રી મોતા જયંતીલાલ બાબુલાલ | ૫,૦૦૧/- | પ્રાઈઝ ફંડ માટે |
| ૧૬ | શ્રી મણીલાલ કલ્યાણજી ગડા | ૩,૪૦,૦૦૦/- | બાડા હાઈસ્કૂલની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૧૭ | શ્રી વાડીલાલ બી. દોશી - માંડવી | ૨૫૦/- | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૧૮ | શ્રી દેસાઈ શાહીના અલીમ - અમદાવાદ | ૨,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૧૯ | શ્રી શિવજીભાઈ કરશનભાઈ આહિર - ભુજ | ૫૧,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૨૦ | શ્રી SGM ફાઉન્ડેશન - મુંબઈ | ૧,૦૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૨૧ | શ્રી પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેકનોલોજીસ લિમિટેડ - નવી મુંબઈ | ૧૨,૦૦,૦૦૦/- | રામાણીયા સ્કૂલ બિલ્ડીંગ ધો. ૧૧-૧૨ નૂતન ભવન |
| ૨૨ | શ્રી મુલેશ કે. દોશી - માંડવી | ૨૫૦/- | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૨૩ | શ્રી વિજયલક્ષ્મી ટી. શેઠ - અમદાવાદ | ૬૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૨૪ | શ્રીમતી નીતા મુલેશ દોશી - માંડવી | ૫૦૦/- | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૨૫ | શ્રી વાડીલાલ બી. દોશી - માંડવી | ૨૫૦/- | વિદ્યાર્થી દતક યોજના માટે |
| ૨૬ | શ્રી વંદના ગુપ્તા - મુંબઈ | ૧૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૨૭ | શ્રી SPA ટ્રસ્ટ - મુંબઈ | ૧,૫૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૨૮ | શ્રી વિજયલક્ષ્મી ટી. શેઠ - અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| ૨૯ | શ્રી દીપક જેઠાલાલ હરિયા - મુંબઈ | ૧૦,૦૦૦/- | કોટડા(રોહા) શૈક્ષણિક પ્રવૃતિઓ માટે |
| | કુલ્લ | ૪,૦૦,૪૨૩૬/- | |

## પ્રતિભાવ

આદરણીય,
પ્રમુખશ્રી વિજયાલક્ષ્મીબેન શેઠ
વહીવટી અધિકારીશ્રી મુલેશભાઈ દોશી

હંમેશ મુજબ આપની સંપર્ક પત્રિકા (૨૦૨૫) મળી, આપનો આભાર

સારસ્વતમ્ સંસ્થા દ્વારા કચ્છમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જિલ્લાનાં છેક છેવાડાનાં ગામડામાં આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓને પોતાના ગામમાં કે ગામ નજીક શિક્ષણ મળી રહે છે. એ ખરેખર આનંદની વાત છે અને આપ સૌને અભિનંદન આપનારું પગલું છે.

સંસ્થા શિક્ષણ સાથે સાથે રમત-ગમત, શૈક્ષણિક પ્રવાસ અને સાંસ્કૃતિક પ્રવૃતિ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર કરે છે, જેનો પણ વિશેષ આનંદ છે.

આપ સૌ ટ્રસ્ટીઓને ખૂબ ખૂબ અભિનંદન

લિનેશ કે. શાહ
પ્રમુખ શ્રી
શ્રી કચ્છ માંડવી મરચન્ટ એસોસીએશન

ગૌરવ બી. શાહ
મંત્રી શ્રી
શ્રી કચ્છ માંડવી મરચન્ટ એસોસીએશન

### સુવિચાર

**'સપનું' એટલે પગથિયાં વિનાની સીડી**
**અને**
**'ધ્યેય' એટલે નિશ્ચિત કરેલા પગથિયાં**

# નમ્ર અપીલ

સારસ્વતમ સંચાલિત ગ્રામ્ય વિસ્તારની વીસ શાળાઓના આર્થિક નબળા વિધાર્થીઓ કે જેઓ કોમ્પ્યુટર ફી, વોકેશનલ ટ્રેનીંગ ફી કે અન્ય ખર્ચ જેવો કે બસ પાસ, સ્ટેશનરી, નોટબુક, સંદર્ભ પુસ્તકો, માટે ફી ભરી શકતા નથી તે માટે સંસ્થાએ “વિદ્યાર્થી દત્તક યોજના” શરૂ કરેલ છે.

વિદ્યાર્થી દીઠ માત્ર રૂા. ૨૫૦/- માસિક ખર્ચ થાય તેમ છે. દસ માસના ૨૫૦ x ૧૦ = ૨૫૦૦/- વિદ્યાર્થી દીઠ છે.

એ રીતે મુંદરા તાલુકાની ૧૦૨ આંગણવાડીઓમાં કુપોષિત – અતિ કુપોષિત બાળકો માટે વધારાના પોષણ આહાર માટે, એમની નિયમિત મેડીકલ તપાસ, દવા, વિ. ના ખર્ચ માટે પણ તમો સહાયભૂત થઇ શકો છો. એક લાભાર્થી દીઠ રૂા. ૧૫૦/- જેટલો માસિક ખર્ચ, દસ માસના રૂા. ૧૫૦ x ૧૦ = ૧૫૦૦/- ખર્ચ થાય.

સંસ્થાને આપવામાં આવતું દાન 80G હેઠળ કરમુકિતને પાત્ર છે. સંસ્થાનું UPI સ્કેનર પણ આપેલ છે. સહાયભૂત થઈને મોબાઈલ નંબર ૯૮૨૫૫ ૯૦૬૬૫ મુલેશ.કે દોશી ને જાણ કરવી અથવા મેસેજ કરવા વિનંતી છે.

